# -:"રાઠોડવંશ" ની ઉત્પત્તિ અને દ્વારિકાનાં વાઢેરોની પરંપરા :-

પ્રા.ભારતી ડી. દેસાઈ
શેઠ પી.ટી. મહિલા આર્ટ્સ & હોમ સાયન્સ કોલેજ,
વનિતા વિશ્રામ,
સુરત

'રાઠોડવંશ' ની ઉત્પત્તિ વિશે ઈતિહાસકારોના જુદા-જુદા મંતવ્યો જોવા મળે છે. એક પ્રાચીન માન્યતા અનુસાર – "દેવરાજ ઇન્દ્રની 'રીઢ' – કરોડ ના હાડકા માંથી ઉત્પન્ન થયેલ હોવાને કારણે આ વંશ રાઠોડ તરીકે ઓળખાયો." એક પ્રાચીન માન્યતા એવી પણ છે કે રાઠોડોની કુળદેવીનું નામ 'રાષ્ટ્રશ્યૈના' અથવા 'રાઠાણી' ગણાય છે. તેને આધારે આ વંશ રાઠોડવંશ તરીકે ઓળખાયો. – તેવી માન્યતા છે.

ઈતિહાસકાર કર્નલટોડ એવું માને છે કે રાઠોડવંશ ના મૂળ પુરુષનું નામ 'યુવનાશ્ય' હતું. નાડોરના રાઠોડરાજાઓની વંશાવલિને આધારે તેઓએ આ માન્યતા દર્શાવી છે. કર્નલટોડ એવું પણ મને છે કે, રાઠોડવંશ 'સિથિયન્સ' પ્રજાની એક શાખા છે. પોતાની આ માન્યતા સમજાવતા તેઓ કહે છે કે, 'યવનાશ્ય' શબ્દ 'યવન' અને 'અસિ' બે શબ્દો થી બનેલો છે. 'સિથિયન્સ' ની એક શાખા 'અસિ' તરીકે ઓળખાતી હતી . અને તેથી રાઠોડવંશ આ 'સિથિયન્સ' માંથી ઉતરી આવ્યો છે. તેવું તેમનું માનવું છે.[૧]

મિ. બેંકન પાવેલ નામના ઈતિહાસકારે રાઠોડવંશની ઉત્પત્તિ અંગે "રોયલ એશિયાટીક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ લંડન" નામના પ્રસિધ્ધ માસિકપત્રમાં (સને ૧૮૯૯) રાઠોડવંશની ઉત્પત્તિ અંગે લખેલા લેખમાં પોતાની માન્યતા રજૂ કરી છે. તેમની માન્યતા પ્રમાણે પણ "ઉત્તર તરફથી "સિથિયન્સ" નામની પ્રજા કેટલીક ટોળકીઓ બનાવી હિન્દુસ્તાનમાં આવી હતી. સમય જતા તેમની પ્રત્યેક શાખાનું નામ અલગ પડ્યું. તેમાંથી રટ > રાઠી > રાઠોડ. એ રીતે આ વંશ ઉતરી આવ્યો છે."[૨] ભાટ ચારણોએ રાઠોડવંશને પોતાની કલ્પના પ્રમાણે રામના પુત્ર કુશ હિરણ્યકશ્યપ વગેરેની કથાઓ સાથે જોડી દીધેલ છે.

સમ્રાટ સિકંદરની વિજયયાત્રાનો ઈતિહાસ લખનારા કેટલાક પ્રાચીન યુનાની લેખકોએ સિકંદરની ચઢાઈ સમયે પંજાબ પ્રાંતમા વસવાટ કરતી એક 'અરહ્ટ' નામની એક જાતિની ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત શક સંવત

૮૮૦ મા રાષ્ટ્રકુટ રાજા કૃષ્ણરાજ ત્રીજાના દાનપત્રમાં એવું લખાણ મળી આવે છે કે; યાદવવંશમાં રટ્ટ નામનો રાજા થઇ ગયો તેના પુત્ર રાષ્ટ્રકુટ ના નામ ઉપરથી રાષ્ટ્રકુટ વંશ – રાઠોડવંશ પ્રસિધ્ધ થયો.[૩] ઈતિહાસ એવું પણ કહે છે કે રાઠોડોની સહાયથી મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તે પાટલીપુત્રનું રાજ્ય મેળવ્યું હતું.[૪]

કેટલાક વિદ્વાનો અરહટ્ટ – રટ્ટ – રાષ્ટ્રકુટ વગેરેને પર્યાયવાચી શબ્દો માને છે. દક્ષિણમાં પણ રાઠોડોના વસવાટને લગતા કેટલાક તામ્રપત્રો મળી આવ્યા છે. અને તેમાં તેઓને યાદવવંશના ગણવામાં આવ્યા છે. ઈતિહાસકાર હલાયુધ પંડિતે પોતાના 'કવિહસ્ય' નામના ગ્રંથમાં તેમને ચંદ્રવંશી ગણાવ્યા છે. આ ઉપરાંત કનોજ ના અંતિમ શાસક જયચંદ્રના પૂર્વજોનાં મળેલા તામ્રપત્રોમાં રાઠોડોને સૂર્યવંશી ગણવામાં આવ્યા છે. આમ,

'રાઠોડવંશ' વિશે કુશવંશી, યાદવવંશી, ચંદ્રવંશી, સૂર્યવંશી હોવાની વિવિધ માન્યતાઓ છે. અલબત્ત હાલના રાઠોડ રાજપૂતો પોતાને સૂર્યવંશી ગણાવે છે. અને અયોધ્યાના પરમપ્રતાપી મહારાજા શ્રીરામચંદ્રજી ના વંશજ ગણાવે છે.[૫]

રાઠોડવંશ ભારતના પ્રાચીન રાષ્ટ્રવંશો માનો એક છે. "મહાભારત'માં એક પ્રજા માટે "અરાષ્ટ્ર" નામનો ઉલ્લેખ છે. વિદ્વાનોના મતાનુસાર આ અરાષ્ટ્રો એજ રટ્ટ રાષ્ટ્રકુટ અથવા રાઠોડોનું પ્રાચીન નામ છે. ઈ.સ. પૂર્વે ૨૫૦ વર્ષ પહેલા સમ્રાટ અશોકે કોતરાવેલા જૂનાગઢના શિલાલેખમાં ધાર્મિક આદેશો ઉપરાંત 'રાષ્ટ્રીક" નામની પ્રજાનો ઉલ્લેખ પણ કર્યો છે. ડૉ.ડી.આર ભાંડારકર નામના વિદ્વાન અશોકના શિલાલેખમાં મળી આવેલ 'રિસ્ટિક' અને 'પેતેનિક' શબ્દને એક માની મહારાષ્ટ્રનાં એક શાસકવંશને માટે આ શબ્દ પ્રયોજાયેલો માને છે. પરંતુ સહાબાજગઢ ધવલી વગેરેના શિલાલેખોને આધારે સ્પષ્ટ થયું છે, કે 'રિસ્ટિક' શબ્દ પ્રયોગ રિસ્ટિક > રઠિક > રાઠોડને માટે થયો છે. અશોકના અન્ય શિલાલેખોમાં પણ એવો ઉલ્લેખ થયો છે. બૌદ્ધ ધર્મગ્રંથ 'દીપવંશ' માં એક બૌદ્ધ સાધુ મહારટ્ટ નામની પ્રજાને ઉપદેશ આપવા ગયા હતા. તેવો ઉલ્લેખ આવે છે. ઈ.સ. બીજી સદીમાં બનેલી ભાંજપા, બડેલા અને કરલીની ગુફાઓના લેખોમાં પણ 'મહારટ્ટ' નો ઉલ્લેખ આવે છે. એમાંથી જ રાઠોડવંશ ઉતરી આવ્યો છે. એવી એક માન્યતા છે. વિદ્વાનોએ, પુરાતત્વવેત્તાઓ, શિલાલેખો અને તામ્રપત્રોનો મદદથી સિદ્ધ કર્યું છે. રાઠોડવંશ એક સમયે સમગ્ર ભારતમાં પ્રસરેલો હતો. દક્ષિણમાં એડમ્સ બ્રિજથી ઉત્તરમાં નેપાળ સુધી અને પશ્ચિમમાં માળવા –

ગુજરાતથી માંડીને પૂર્વમાં બિહાર – બંગાળ અને હિમાલય સુધી રાઠોડવંશની પ્રબળ સત્તા ફેલાયેલી હતી.

સોલંકી રાજા ત્રિલોચનપાલના સુરતમાંથી મળી આવેલ શક સંવત ૯૭૨ના (વિ.સં.૧૧૦૭, ઈ.સ.૧૦૫૧) તામ્રપત્રમાં સોલંકી વંશનામૂળપુરુષ ચાલુક્યનો વિવાહ રાષ્ટ્રકુટ રાજાની કન્યા સાથે થયો હતો. તેથી એવું પણ

માની શકાય કે રાષ્ટ્રકુટોનું રાજ્ય પહેલા કનોજમાં હશે અને લગભગ છઠ્ઠી શતાબ્દીની આસપાસ તેઓએ દક્ષિણના સોલંકીરાજાઓ પર આધિપત્ય મેળવ્યું હશે.૬

રાઠોડ પ્રજા ઉત્તરથી દક્ષિણમાં ઉતરી આવી કે દક્ષિણથી ઉત્તરમાં ઉતરી આવે તે અંગે મતભેદો છે. ડૉ.હુલ્સ નામના ઇતિહાસકાર રાઠોડો પંજાબમાં સ્થિત હતા. એવી માન્યતા ધરાવે છે. આ રાષ્ટ્રકુટો પહેલા પંજાબમાં રહ્યા અને પછી ત્યાંથી તેમની એક શાખા દક્ષિણ તરફ ગઈ અને ત્યાં સોલંકી રાજાઓને હરાવી પોતાનું રાજ્ય સ્થાપે છે. તેવું તેમનું માનવું છે. મળી આવેલા શિલાલેખો અને તામ્રપત્રોને આધારે વિદ્વાન ઇતિહાસકાર ડૉ.ફિલટ' રાઠોડપ્રજા ઉત્તરથી દક્ષિણમાં ઉતરી આવી અને પછી ફરીથી દક્ષિણ થી ઉત્તર તરફ ગઈ એવું અનુમાન કર્યું છે.૭

રાઠોડવંશની હયાતિને લગતા કેટલાક ઐતિહાસીક પુરાવાઓ મળી આવે છે. એ પ્રમાણે રાષ્ટ્રકુટ રાજા કૃષ્ણરાજનો પુત્ર ઇન્દ્રરાજ અને ચાલુક્યવંશના રાજા જયસિંહ વિ.સં.૫૫૦માં દક્ષિણમાં પોતાનો અધિકાર ધરાવતા હતા. રાષ્ટ્રકુટ રાજા ગોવિંદરાજના પૌત્ર અને કર્કરાજના પુત્ર ઇન્દ્રરાજે ચાલુક્યવંશની રાજકન્યા સાથે લગ્ન કર્યા હતા. અને તેનાથી દંતીદુર્ગ નામનો પ્રતાપી રાજા આ વંશ ને મળ્યો હતો. તેવા ઉલ્લેખો છે. દંતીદુર્ગે સંવત ૮૧૦ ની આસપાસ દક્ષિણના સોલંકી રાજા કીર્તિવર્મા પાસેથી મોટા ભાગનું રાજ છીનવી લીધું. અને દક્ષિણમાં રાઠોડોનું રાજ્ય સ્થાપિત કર્યું. તેણે ગુજરાતના દક્ષિણભાગમાં આવેલા લાટ પ્રદેશ સુધી પોતાની સત્તા વિસ્તારી હતી.૮ અને 'રાજાધિરાજ' તથા 'પરમેશ્વર' જેવી ઉપાધિઓ પણ તેને મળી હતી. અનેક રાઠોડ રાજાઓએ આ પદવીઓ પોતાની સાથે પણ જોડી હતી. આ ઉપરાંત દક્ષિણના સોલંકીઓની પદવી 'વલ્લભ' પણ રાઠોડોએ ધારણ કરી હતી. એ સમયે આવેલી આરબ મુસાફરોએ રાઠોડોની આ 'વલ્લભ' ઉપાધિને 'બલહરા' તરીકે ઓળખાવેલ છે. આમ, રાઠોડવંશ ના ઈતિહાસનો આરંભ ઇન્દ્રરાજ અને દંતીદુર્ગથી થતો દેખાય છે.૯

રાઠોડવંશ દંતીદુર્ગે નિ:સંતાન હોવાને કારણે તેના કાકા કૃષ્ણરાજ રાજ્યના ઉત્તરાધિકારી થયા. તેમણે સોલંકીઓ પાસેથી રહ્યું – સહ્યું રાજ્ય પણ પડાવી લીધું. દક્ષિણમાં આવેલ સુવિખ્યાત ઈલોરાની ગુફામાં પર્વતને કાપી કૈલાશ નામનું ભવ્ય મંદિર કૃષ્ણરાજે બનાવ્યું. અને પોતાની કલાપ્રિયતા અને ભક્તિને પ્રગટ કરી.૧૦

કૃષ્ણરાજની પરંપરામાં તેનો પુત્ર ગોવિંદરાજ આવ્યો. જે ઘણો વિલાસી હતો. તેના નાનાભાઈ ધ્રુવરાજે રાજ્ય પડાવી લીધું. તે બળવાન હતો. અને ગૌંડ વિજય પ્રાપ્ત કરી વત્સરાજ પરિહારને હરાવીને 'નિરૂપમ' અને

'ધારાવર્ષ' જેવી ઉપાધિઓ મેળવી હતી. ધ્રુવરાજની પરંપરામાં ગોવિંદરાજ(ત્રીજો) રાજગાદી પર બેઠો તેણે 'જગતુંગ' અને 'પ્રભુતવર્ષ' જેવા ખિતાબો ધારણ કર્યા. ગોવિંદરાજ મહાપ્રતાપી રાજા હતો. અને દક્ષિણના બાર રાજાઓની સંયુક્તસેનાને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો હતો. ગુજરાતના દક્ષિણે આવેલા લાટ પ્રદેશથી માંડી રામેશ્વર સુધી તેનું આધિપત્ય હતું.૧૧

ગોવિંદરાજ(ત્રીજો) ની પરંપરામાં તેનો પુત્ર અમોઘવર્ષ શાસક બન્યો. તેણે 'વિરનારાયણ' 'નૃપતુંગ' જેવી પદવીઓ મેળવી લાંબો સમય સુધી તેણે શાસન કર્યું. તે સ્વયં વિદ્વાન હતો. અને તે વિદ્વાનોનું સન્માન કરતો. તેણે

'પ્રશ્નોત્તરરત્નમલિકા' નામની એક લઘુ પુસ્તિકા લખી હતી. જેનો તિબત્તિ ભાષામાં પણ અનુવાદ થયો હતો. આ ઉપરાંત 'કવિરાજમાર્ગ' નામનો એક ગ્રંથ કન્નડ ભાષામાં લખ્યો હતો.૧૨

આ રીતે દક્ષિણમાં રાઠોડવંશની એક સુદીર્ઘ પરંપરા ચાલી આવતી દેખાય છે. આ સંદર્ભમાં સુલેમાન નામના એક અરબી પ્રવાસીએ ઈ.સ.૮૫૧ માં લખેલ 'સિલ્સિલુત્તતવારિખ' નામના ગ્રંથમાં રાઠોડો વિશે ઉલ્લેખ કરતા લખ્યું છે. " આ બલહરા – બળવાન રાજાઓનું રાજ્ય ચીનની સરહદથી લઈને કોંકણ સુધીના સમુદ્ર કિનારા સુધી છે. તેઓને પડોશી ગુજરાતના રાજાઓ સાથે મૈત્રી છે.

તેઓની પાસે અસંખ્ય હાથી અને લશ્કર છે. મોટું પાયદળ તેઓ ધરાવે છે. તેઓની રાજધાની પહાડો વચ્ચે આવેલી છે. આમ, રાઠોડવંશની ઉત્પત્તિ અને દક્ષિણના રાઠોડ શાસકોની પરંપરા ઉત્તરી આવતી દેખાય છે."૧૩

દેવલી ખાતેથી મળી આવેલા તામ્રપત્રમાં રાઠોડવંશનો મૂળ પુરુષ રટ્ટ હતો. અને તેનો પુત્ર રાષ્ટ્રકુટ તરીકે ઓળખાયો. અને તે રીતે રાષ્ટ્રકુટ વંશ ચાલ્યો. 'રાષ્ટ્રકુટ' શબ્દમાં 'રાષ્ટ્ર' નો અર્થ રાજ્ય અને 'કુટ' નો અર્થ સમૂહ, ઊંચા અથવા શ્રેષ્ઠ થાય છે. આમ, રાષ્ટ્રકુટ શબ્દથી મહાન રાજ્યનો બોધ થાય છે. સંભવ છે કે આ જાતી કોંકણ પ્રદેશમાં શાસન કરતી હતી. તેને આધારે 'રાષ્ટ્ર' શબ્દની પૂર્વે 'મહા' ઉમેરી આ પ્રદેશને પછીથી મહારાષ્ટ્ર તરીકે ઓળખાવેલ છે. સમગ્ર દેશમાં પથરાયેલા રાષ્ટ્રકુટના વંશજો રાઠોડ, રાઠવર, રાઠવડ, રાઠઉર, રાઠઉડ, રાઠડરઠડા જેવા અનેક નામોથી ઓળખાય છે.૧૪

રાષ્ટ્રકુટ રાજાઓના મળી આવેલા સૌથી પહેલા તામ્રપત્રમાં આદ્યશક્તિ અંબિકાના વાહન સિંહની આકૃતિ છે. દંતીવર્મા(બીજા)ના 'દાનપત્ર'માં શિવની મૂર્તિ છે. કૃષ્ણરાજના મળી આવેલા શિલાલેખમાં શિવલીંગની આકૃતિ છે.

તેમજ એ પછી મળી આવેલા તામ્રપત્રો પર ગરૂડની અને ક્યારેક શિવની આકૃતિ બનેલ છે. રાષ્ટ્રકુટોનો ધ્વજ 'પાલીધ્વજ' તરીકે ઓળખાતો.[૧૫]

રાષ્ટ્રકુટોની કુળદેવી રાષ્ટ્રશ્યેના, મનસા, અને વિંધ્યવાસિની માતાના નામથી પ્રસિદ્ધ છે. કહેવાય છે કે તેમની કુળદેવીએ શ્યેન એટલેકે બાજ પક્ષીનું રૂપ ધારણ કરી તેમના રાજ્યની રક્ષા કરી હતી. અને તેથી તેમની કુળદેવીને તેઓ રાષ્ટ્રશ્યેના તરીકે ઓળખાવે છે. આ રાજાઓમાંથી કેટલાક શૈવ, કેટલાક વૈષ્ણવ અને કેટલાક શાક્ત મતોના અનુયાયીઓ હતા. આ રીતે વિવિધ વિદ્વાનોની મંતવ્યો, શિલાલેખો તથા તામ્રપત્રોને આધારે રાઠોડવંશ વિશે જે નિષ્કર્ષ મળે છે. તે પ્રમાણે

૧) રટ્ટ રાઠિક તથા રાષ્ટ્રકુટ અને રાઠોડ બધા એક જ છે. આવું બધા જ વિદ્વાનો માને છે.

(૨) અશોકના લેખોમાં તેનું વર્ણન આવે છે. તેથી આ સિદ્ધ થાય છે કે તે સમયે તેઓ પંજાબમાં હતા.

(૩) જે વિદ્વાનો એ તેમને દક્ષિણના દાનપત્રોને આધારે યાદવ માન્યા છે. તે દાનપત્રોમાં ક્યાંય પણ ચંદ્રવંશી લખેલું નથી આ વિચારણા જન્મે છે.

(૪) માન્યતાઓ, શિલાલેખો વગેરેને જોતા એવું સાબિત થાય છે કે અયોધ્યાના રાજાના ભાઈ ભરતના વંશજોમાં રાષ્ટ્રકુટ અથવા રાઠોડ થઇ ગયા હશે. ભરતને પંજાબ અને તેની પશ્ચિમનું રાજ્ય મળેલું હતું તેના વંશજો રાષ્ટ્રીય વગેરે કહેવામાં રાયકરણ અસોયા પણ આવું જ માને છે. આ પ્રમાણે તેમનું સૂર્યવંશી હોવાનું સિદ્ધ થાય છે તથા પ્રારંભમાં તેઓ પંજાબથી રાજસ્થાન થઇને ગુજરાતમાં આવ્યા હોવાનું મનાય છે.[૧૬]

રાઠોડવંશની ઉત્પત્તિ કુળ અને ગોત્ર – વિષે પ્રાપ્ત થતી માહિતી આ પ્રમાણે છે:-

(૧) ગોત્ર :- (૧) ગૌતમ (રાજસ્થાનમાં બીકાનેર વગેરે)

(૨) કશ્યપ (બીકાનેરવાળા તથા ઉત્તરીપ્રદેશ તથા આગળ)

(૩)આત્રી – દક્ષિણ

(૨) પ્રવર : ત્રણ, મોનક, અંગીરા અને સમાદ

(૩) ગુરૂ: શુક્રાચાર્ય

(૪) કુળદેવી : પંખની, વિંધ્યવાસિની, રાટેશ્વરી, નાગણેચી (બધી એક જ છે.)

(૫) વેદ : યજુર્વેદ, સામવેદ(ઉત્તરપ્રદેશ વગેરેમાં)

(૬) શાખા : મધ્યાન્દિની(રાજસ્થાન) કૌથુમી(ઉત્તરપ્રદેશ)

(૭) સૂત્ર : ગોભિલગૃહલ

(૮) પક્ષી : શ્યેન(બાજ)

(૯) વૃક્ષ : લીમડો, વડ (ઉત્તરપ્રદેશ)

(૧૦)પુરોહિત: સિવડ (સોડ)

(૧૧) શાખા : દાનેસુરા (રાજસ્થાનમાં)

(૧૨) બારહ : રોહડિયા

(૧૩) તલવાર: રણથલી

(૧૪) ગઉ : કપિલા

(૧૫) નગારા : રણજીત

(૧૬) નિશાન : પચરંગ

(૧૭) ઢોલ : ભંવર

(૧૮)ઢોલી : દેધડો

રાઠોડમાં ૨૪ શાખા છે. ધાંધલ, ભાડાઈલ, ચાકીટ, દુહુરીયા, ઓકા, બહુરા, ચાજીરા, રામદેવ, કોળિયા, હાતુડીયા, માલાવત, સુણ્ડુ, કાટાઈચા, મુહોલી, ભોગદેવ, મહાઈચા, જેસીંગા, મુરસિયા, જોરસિયા, જોરા વગેરે.

-:ગુજરાતમાં રાષ્ટ્રકુટો:-

મૈત્રકકાળ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં રાષ્ટ્રકુટોની સત્તા લાટ પ્રદેશ સુધી પ્રસરેલી હતી. તેવા ઉલ્લેખો સ્પષ્ટરૂપે મળે છે. મૈત્રકકાળમાં અંત સુધીમાં આવતા રાષ્ટ્રકુટો છેક ઉત્તર ગુજરાત સુધી આધિપત્ય જમાવતા દેખાય છે. રાઠોડોની એક શાખા કનોજમાં પણ આધિપત્ય જમાવે છે. ૧૨મી સદીના અંત ભાગમાં મુસ્લિમોએ કનોજ થી તેમને હાંકી કાઢેલા અને તે સમયના ગુજરાતના સોલંકી રાજાની મદદથી મહેસાણા તાલુકાના સામેત્રા ગામમાં રાજ્ય સ્થાપેલું તેવો ઉલ્લેખ મળે છે.[૧૭]

એજ રીતે રાઠોડવંશના એક શાસકે સૌરાષ્ટ્રમાં આવેલ દ્વારકાનો કબજો લીધો તેવો ઉલ્લેખ પણ મળે છે. આ બન્ને વિગતોને ઈતિહાસમાંથી સમર્થન મળે છે.[૧૮] ઇતિહાસમાં એવો પણ ઉલ્લેખ છેકે સૂર્યવંશી રાષ્ટ્રકુટ રાજા

ગાંધીરાજે ગાંધીપુર નગરી વસાવી હતી. આજ નગરી પાછળથી ઇતિહાસમાં કનોજનગરી તરીકે પ્રસિદ્ધ થઇ. કનોજમાં રાઠોડોનું આધિપત્ય હતું તેને સમર્થન આપતા કર્નલ ટોડે નોંધ્યું છેકે સંવત ૫૨૬ (ઈ.સ.૪૭૦) માં નયન પાલ નામના રાષ્ટ્રકુટ રાજાએ કનોજ હસ્તગત કર્યું હતું અને ૫મી શતાબ્દીમાં કનોજમાં રાઠોડો રાજ્ય કરતા હતા.[૧૯]

કનોજમાં પોતાની રાજધાનીને સ્થાપીને રાઠોડોએ પોતાના આધિપત્યનો વિસ્તાર કર્યો. કાળક્રમે કનોજના નબળા રાજા જયચંદ્ર રાઠોડના સમયમાં કનોજનું પતન મહમદ ઘોરીના સેનાપતિના હાથે થયું. કનોજનું પતન થતાં પોતાના પૂર્વજ નો પ્રદેશ ઉત્તરભારત છોડીને કનોજના આ રાઠોડો પશ્ચિમ ભારતમાં અરબી સમુદ્રને તીરે આવેલા દ્વારિકામાં સ્થિર થઈને રહ્યા. લગભગ ૨૦૦ વિશ્વાસુ રાઠોડ સૈનિકો સાથે નીકળેલા શિયોજી રાઠોડ

રાજસ્થાનના રણમાં રખડતા, ભટકતા, બિકાનેર તાબાના કાલમુઢ ગામના સોલંકી રાજાની પાસે આવ્યા તે સમયે કચ્છનો રાજા લાખો ફુલાણી રાજસ્થાન પર આક્રમણો કરતો. લાખો ફુલાણી કાલમુઢના સોલંકી રાજાને પણ અવાર-

નવાર પરેશાન કરતો. તેથી શરણે આવેલા રાઠોડવીરોને મદદ કરવા વિનંતી કરી. રાઠોડોએ લાખા ફુલાણી પર ચઢાઈ કરી, તેને ઘોર પરાજય આપ્યો.[૨૦] લાખા સામેના આ યુદ્ધમાં શિયોજીના લઘુબંધુ સેતરામજી તથા અન્ય ઘણા રાઠોડવીરોના બલિદાન અપાયા હતા. રાઠોડોના ઉપકારોનો બદલો વાળવા પોતાની બેન શિયોજી વેરે પરણાવી ત્યાર પછી શિયોજીએ કાલમુઢના સોલંકીઓની મદદ લઈને લુણી નદીને કિનારે વસેલ મહુવાના ડાભીઓને હરાવ્યા. તેના રાજ્ય પર અધિકાર જમાવ્યો. ત્યારબાદ ખેરગઢમાં વસેલા મહેરદાસજી ગોહિલ અને તેનો પુત્ર સેજકજી ઉપર ચઢાઈ કરી. ગોહીલોને પરાજીત કરી તેઓને મારવાડના ખેરગઢમાંથી સૌરાષ્ટ્રમાં હાંકી કાઢ્યા.[૨૧]

કાલમૂઢના સોલંકી રાજાએ નજીકમાં આવેલા પાલી પ્રદેશમાં મેર અને મીનાકોચના લુંટારુઓ પાલી પ્રદેશમાં રહેતા પલેવાળ બ્રાહ્મણોને પજવતા હતા. તે અંગે રાઠોડોની મદદ માગતા શિયોજી રાઠોડ અને તેના સાથીદારોએ આ લુંટારૂઓને જેર કર્યા. કાલમુઢના સોલંકી રાજાએ પાલી પ્રદેશનો અમુક ભાગ શિયોજીને આપ્યો. અને એ રીતે રાઠોડવંશનો વસવાટ રાજસ્થાનમાં થયો.[૨૨]

શિયોજીના ત્રણ પુત્રો, આસ્થાજી, સોનગજી અને અજાજી હતા. તેના વારસદાર જોધાજી એ જોધપુર નગર વસાવ્યું. શિયોજીના બીજા પુત્ર સોનગજી ઇડર જઈને વસ્યા. ઈડરના ભીલ રાજા શામળીયા સોંડને હરાવીને રાઠોડવંશની સ્થાપના ઇડરમાં કરી. શિયોજીના ત્રીજા પુત્ર અજાજી અને તેના ત્રણ કુંવરો વેરાવળજી, વિજલજી અને

કરણસિંહજીએ પોતાની બહાદુરીથી અમદાવાદના લુંટારાઓને જેર કર્યા. અને તેથી ત્યાંના બાદશાહે કરણસિંહજીને વઢિયાર પ્રદેશના અડતાલીસ ગામો ભેટ આપ્યા. વેરાવળજી અને વિજલજી ઓખામંડળના દ્વારકાપ્રદેશમાં આવ્યા.

દ્વારકા પ્રદેશમાં વેરાવળજી અને વિજલજી મારવાડ છોડીને આવ્યા ત્યારે ઓખા પંથકમાં ચાવડા અને હેરોલની સત્તા હતી. આ બંને અંદર-અંદર લડતા હતા. ચાવડાઓએ રાઠોડ નરવીરોની મદદ માંગી. રાઠોડોએ બંને નું કાસળ કાઢી નાંખવા યોજના કરી તે પ્રમાણે રાઠોડોએ હેરોલાને પોતાને ત્યાં જમવા નોતર્યા. યોજના પ્રમાણે ચાવડાઓ હેરોલ પર તૂટી પડ્યા અને હેરોલોનો ચાવડાઓએ સંહાર કર્યો ચાવડાઓ આ પછી જયારે નરસંહાર કરીને જમવા બેઠા ત્યારે ચાવડાઓની કતલ રાઠોડોએ ચલાવી. આમ, ઓખામંડળની ધરતી પરથી હેરોલ અને ચાવડા બંને દુશ્મનોને રાઠોડોએ રાતોરાત વાઢી નાંખ્યા તેથી આ પ્રદેશના રાઠોડો 'વાઢેર'કહેવાયા આજે પણ દ્વારકા અને ઓખા પંથકમાં વાઢેરોની વસ્તી જોવા મળે છે. આમ, સૌરાષ્ટ્રમાં વેરાવળજી અને વિજલજીએ વાઢેર વંશનો પાયો નાખ્યો. વેરાવળજી દ્વારકામાં જ રહ્યા જયારે વિજલજી નાઘેર પ્રદેશમાં સોમનાથ પાસે આવેલા

ઉનામાં ઠરીઠામ થયા. તેણે પોતાના મોટા ભાઈના નામ પરથી વેરાવળ બંદર વસાવ્યું. આમ, વેરાવળજી વંશજો વાઢેર – રાઠોડ કહેવાયા અને વિજલજીના વંશજો વાજા – રાઠોડ કહેવાયા. આમ, ઉત્તરભારતના કનોજથી નીકળેલા રાઠોડવીરો છેક પશ્ચિમ ભારતના પવિત્ર સમૃદ્ધ તીર્થ બેટદ્વારકા અને પવિત્ર સમૃદ્ધ તીર્થ પ્રભાસ પાટણ સુધી પહોંચ્યા.[૨૩]

______: સંદર્ભ ગ્રંથો:_______


૧) "ભારત કા દેશી રાજ્યો"

લેખક:__ સુખ સમ્પતિરાય મરાડોરી

પ્રકાશક:__ રાજ્યમંડલ પબ્લિસીંગ હાઉસ ઇન્દોરસીટી

ઈ.સ. ૧૯૨૭

૨) "ક્ષત્રીય શાખાઓ કા ઈતિહાસ"

લેખક : __ દેવસિંહ મંડાવા

પ્રકાશક : __ કવિ પ્રકાશન બીકાનેર

ઈ.સ. ૧૯૯૮

3) "રાઠોડવંશ મહાકાવ્ય"

લેખક : __ નારાયણ શાહ

૪) "રાઠોડો કા ઈતિહાસ"

લેખક : __ પંડિત વિશ્વેશ્વરનાથ રેઉ

પ્રકાશક : __રાજસ્થાની ગ્રંથગાર જોધપુર ઈ.સ. ૨૦૦૦

પૃષ્ઠ – ૧ થી 3

૫) "ભારત કે પ્રાચીન રાજવંશ"

લેખક : __ પં વિશ્વેશ્વરનાથ રેઉ

પ્રકાશક : __ પબ્લિકેશન સ્કીમ જયપુર

પુનઃ મુદ્રણ ઈ.સ. ૨૦૦૦

૬) "બોમ્બ ગેઝેટ વોલીયમ – નં : ૯"

પાર્ટ – ૧ પૃષ્ઠ – ૧૨૮

૭) "વાઢેર રાજપૂત દર્પણ"

લેખક : __ શાંતુલા રામસિંહ નંદાણા

પ્રકાશક : __ વાઢેરા રાજપૂત સમાજ

દ્વારકા ઈ.સ. ૧૯૯૮

૮) 'રાજસ્થાન'

લેખક : __ કર્નલટોડ ના અંગ્રેજી ગ્રંથનું ભાષાંતર

અનુવાદક : __ ભગુભાઈ ફતેચંદ કારભારી

પ્રકાશક : __ મટુભાઈ ભાઈદાસ

ધી સુરત જૈન પ્રિન્ટીંગ પ્રેસ. સુરત

ઈ.સ. ૧૯૧૨

૯) "ગુજરાતનો રાજકીય સાંસ્કૃતિક ઈતિહાસ" ગ્રંથ – ૧

પ્રકરણ :__ ૧૨ પ્રાચીન જાતિઓ ઉત્પત્તિ અને આગમન

લેખક : __ ઉષાબેન શશીકાંત કાન્હેરે

પ્રકાશક : __ મુનિ ગ્રંથ નિર્માણ બોર્ડ

અમદાવાદ

૧૦) "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ"

લેખક : __ દુ.કે.શાસ્ત્રી

પૃષ્ઠ – ૭૫ – ૭૭

૧૧) "ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ"

(મૈત્રક કાલીન ઈતિહાસ) ગુજરાત

લેખક : __ હ.ગ.શાસ્ત્રી

પ્રકાશક : __ગુ.યુ. ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ

પૃષ્ઠ – ૩૨૭

૧૨) "મારવાડ કા ઈતિહાસ" ભાગ – ૧ – ૨
લેખક : __ પંડિત વિશ્વેશ્વરનાથ રેઉ
પ્રકાશક : __ રાજસ્થાનના ગ્રંથાગાર – જોધપુર
ઈ.સ. ૧૯૪૦

૧૩) "ઉદયપુર રાજ્ય કા ઈતિહાસ" ભાગ – ૧ – ૨
લેખક : __ ગૌરીશંકર હીરાચંદ ઓઝા
પ્રકાશક : __રાજસ્થાની ગ્રંથાગાર
ઈ.સ. ૧૯૨૮

૧૪) "રાજસ્થાન કા ઈતિહાસ"
લેખક : __ શર્મા – વ્યાસ
પ્રકાશક : __ પંચશીલ પ્રકાશન જયપુર
ઈ.સ. ૧૯૯૮

૧૫) "રાજપૂત વંશાવલી"
લેખક : __ ઠાકુર ઈશ્વરસિંહ મડાઢ
પ્રકાશક : __ ચેતના પ્રકાશક નવી દિલ્હી
ઈ.સ. ૧૯૮૭

૧૬) "મધ્યકાલીન રાજસ્થાન કા ઈતિહાસ"
લેખક : __ પ્રો. હેતસિંહ બઘેલા
પ્રકાશક : __ રીસર્ચ પબ્લિકેશન્સ જયપુર.

૧૭) "મધ્યોત્તર આધુનિક રાજસ્થાન કા ઈતિહાસ"
લેખક : __ કે.એસ.ગુપ્તા, ગોપાલ વ્યાસ, જે.કે.ઓઝા
પ્રકાશક : __ શિવા પબ્લિશર્સ ડીસ્ટ્રીબ્યુટર્સ
ઉદયપુર ઈ.સ. ૨૦૦૧

૧૮) "રાજપૂત વંશ સાગર" ભાગ – ૧ થી ૩
લેખક : __ ગોહિલ અજિતસિંહ

સંપાદક :__ ગોહિલ રણજીતસિંહ સરદારસિંહ
મુ.અવાણીયા જિ. ભાવનગર

૧૯) "ગુજરાતનો ઈતિહાસ" પ્રાચીનકાલ
લેખક : __ હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી
પ્રકાશક : __ યુની. ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય
અમદાવાદ. પૃષ્ઠ – ૧૦૩

૨૦) "સબળ ભૂમિ ગુજરાત"
લેખક : __ ગોકુલદાસ રાયચુરા
પ્રકાશક : __ વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ
વડોદરા. ઈ.સ. ૧૯૪૮
પૃષ્ઠ – ૭૫ થી ૧૦૪

૨૧) "ઓખા મંડળના વાઘેર"
પ્રકાશક : __ ડૉ.ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક પાસ્ય વિદ્યામંદિર
મ.સ.વિશ્વવિદ્યાલય વડોદરા.
ઈ.સ. ૧૯૬૯